# IITans દ્વારા 'બડા ખાના મેગા પાર્ટી'



અમદાવાદ અને ગાંધીનગર ગુજરાતના વિકાસના બે પર્યાય.અહિંયા બિલ્ડિંગ કંન્ટ્રકશનના આધારે ગુજરાતના વિકાસનું મુલ્યાકન કરી શકાય છે.પણ આ ઉચી ઉચી ઈમારતોને ઉભી કરવામાં ખૂબ જ લેબર વર્કની જરૂર પડે છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીનુ નવુ કેમ્પસ ગાંધીનગરના પાલજ ખાતે બની ગયુ છે. જેનું કામ પુરુ થતા આઈઆઈટીજીએના સ્ટુડન્ટસે આ નવા કેમ્પસને ઉભા કરવામાં જે કોઈ વ્યકિતએ પણ ફાળો આપ્યો હોય અને તેમાં પણ ખાસ કરીને બિલ્ડિંગના કંન્ટ્રકશનમાં કામ કરતા મજૂરવર્ગ સાથે મળી મેગા પાર્ટી અને વન ડે નાઈટ આઉટ દ્વારા સેલિબ્રેશન કરવામાં આવ્યુ હતુ.

**ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરના એક હજાર સ્ટુડન્ટસે પાલજ ખાતેના નવા કેમ્પસમાં બિલ્ડિંગમાં કામ કરતા વર્કરની સાથે અનોખી પાર્ટીનું આયોજન કર્યુ**

આઈઆઈટીજીએનના ગ્રેજ્યુએટ બેંચના એક હજાર જેટલા સ્ટુડન્ટસે જૂના કેમ્પસમાંથી બહાર આવી નવા કેમ્પસમાં નવ ડે નાઈટ આઉટ પ્રોગ્રામ અને ૨૫૦૦ વ્યકિતઓનું મેગા ડિનર સેલિબ્રેશન યોજવામાં આવી હતી.હાલ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીનું કેમ્પસ જીટીયુ ચાંદખેડા સરકારી એન્જિનરિંગ કોલેજ ખાતે ચાલે છે. આ અંગે આઈઆઈટીજીએનના ડાયરેક્ટર સુધીર જૈન કહે છે કે બડા ખાના ફેસ્ટ દ્વારા આઈઆઈટીજીએનના નવા કેમ્પસના નિર્માણમાં જે કોઈ વ્યકિતઓએ પણ પોતાનો નાનો મોટો ફાળો આપ્યો હોય તેવા તમામ વ્યકિતઓના કામને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા માટે મેગા પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં ૨૫૦૦ વ્યકિતઓએ રાત્રે એક સાથે ભોજન કર્યુ હતુ. આઈઆઈટીજીએનનું નવું કેમ્પસ ખૂબ જ આધુનિક બનાવવામાં આવ્યું છે. તેમાં પોળ કલ્ચરને ધ્યાનમાં રાખીને હોસ્ટેલ બનાવવામાં આવી છે. જેમાં એજ્યુકેશન ફ્રેન્ડલી કેમ્પસ બનાવવામાં આવ્યું છે. જે સ્ટુડન્ટસને પોઝીટીવ થિન્કીંગ માટેનું વાતાવરણ પુરું પાડશે.